જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૬/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૨૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦ | ૪,૪૭,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા હેઠળ અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## પોક્સોના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૫૭૩/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૫૪(એ), તથા પોક્સો એકટ કલમ ૧૧(૧), ૧૨ તથા એટ્રો એકટ કલમ ૩(૨)(૫), ૩(૧) (ડબલ્યુ) (એલ) મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૯/૨૦૨૨ તા-૨૪/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૪/૦૬/૨૦૨૨ ના કલાક-૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૨૪/૦૬/૨૦૨૨

### આરોપીનુ નામ

જૈનમ દિનેશભાઇ જૈન ઉ.વ.૧૯ રહે. મ.નં.બી/૯, ચુનીલાલ પાર્ક સોસાયટી, સી.ટી.એમ. અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુઅલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો.જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૪૬૩ લીટર દેશી દારૂ, ૧૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ રીક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૨/૨૦૨૨**

**સાયબર ક્રાઇમઃ** મનોજકુમાર દેવીરામ ગુનાવત (ઉ.વ.૪૯)(રહે,સનાતન રેસીડેન્સી બકેરી સીટી વેજલપુર) એ તા.૨૪/૦૬/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર 8826955133, 9907023484, 7866995660 ના ધારકે પોતે “કામધેનુ કુરીયર કંપની” માંથી બોલતા હોવાનુ જણાવી મનોજકુમારને રૂપિયા ૫/- નું ટ્રાન્જેકશન કરવાનુ કહી, મનોજકુમારના મોબાઇલ ફોન ઉપર https://www.surveymonkey.com/r/MHJBB7L લીંક મોકલી તે લીંક આધારે મનોજકુમારના મોબાઇલ ફોનનું એક્સેસ મેળવી લઇ, મનોજકુમારના એસ.બી.આઇ. બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૯૯,૯૯૬/- તથા એચ.ડી.એફ.સી. બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૧૯,૯૯૯/- મળી કુલ રૂપિયા ૧,૧૯,૯૯૬/- નું ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ મનોજકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૩/૨૦૨૨**

**ચાંદખેડાઃ** શૈલેષભાઈ અશોકભાઇ દંતાણી (ઉ.વ.૨૬)(રહે.ચાર માળિયા ટી.પી.૪૪ કેશવ એપાર્ટમેન્ટ ની બાજુમાં ચાંદખેડા) એ તા.૨૪/૦૬/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૨ રાતના ૧૦/૩૦ થી તા.૨૧/૦૬/૨૦૨૨ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**કાગડાપીઠ**ઃ મોનાબહેન વા/ઓ ભરતભાઇ માધડ (ઉ.વ.૩૫)(રહે,હરિઓમ ફ્લેટ, વસંત રજબ કવાર્ટસ ની સામે, બહેરામપુરા) એ તા.૨૪/૦૬/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૨ રાતના ૧૧/30 થી તા.૨૩/૦૬/૨૦૨૨ નાં કલાક ૪/૫૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની જાળીનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, મોબાઇલ ફોન નંગ-૦૩ કુલ કિંમત રૂપિયા ૩૪,૦૦૦/-, તિજોરીમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૧૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૪/૨૦૨૨**

**કારંજ**ઃ માલદેવસિંહ ગુલાબસિંહ રાઠોડ (ઉ.વ.૨૪)(રહે,જ્યોતિકા પાર્ક સોસાયટી, ટેકનીકલ કોલેજ ની પાસે, કલોલ હાઇવે, મુ.કલોલ, તા.જી.ગાંધીનગર) એ તા.૨૪/૦૬/૨૦૨૨ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૪/૨૦૨૨ થી તા.૧૬/૦૫/૨૦૨૨ સવારના ૭/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઘી કાંટા કર્ણાવતી પ્લેટીનમ-૯ કોમ્પ્લેક્ષમા આવેલ “રામદેવ એન્ટરપ્રાઇઝ” ના ગોડાઉન દુકાન નં.૩૩૫ તથા “દિપક એજન્સી” ના ગોડાઉન દુકાન નં.૩૨૭ ખાતે નોકરી કરતા આરોપી (૧) મહેન્દ્રસિંહ રાઠોડ (જેના પુરા નામ-સરનામાની ખબર નથી અને (૨) ચેનસિંહ (જેના પુરા નામની ખબર નથી રહે.ગામ.કિત્તા તા.ફતેગઢ જી.જેસલમેર રાજસ્થાન) એ ભેગામળી નોકરી દરમ્યાન તેમજ નોકરીમાંથી છુટા થયા બાદ પણ માલદેવસિંહ તથા સાહેદ હિમ્મત પરીહાર નાઓના ગોડાઉનની ડુપ્લિકેટ ચાવીઓ બનાવી તે ડુપ્લિકેટ ચાવી થી ગોડાઉનના તાળાઓ ખોલી, ગોડાઉનમાંથી (૧) ૨૦૦૦ નંગ શર્ટ કુલ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અને (૨) ૧૦૦૦ નંગ શર્ટ કુલ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૫૦,૦૦૦/- મતાના રેડિમેઇડ શર્ટની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.મકરાણી ચલાવે છે.

**ત્રીજા માળેથી પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૩૫/૨૦૨૨**

**સાબરમતી**ઃ રાજસ્થાન જી-ડુંગરપુર તા-મંડાવ ગામ-બેડા ખાતે રહેતા અને ચેનપુર ફાટક ન્યુ રાણીપ “આદિત્ય એલીગંસ” નામની નવી બનતી સાઇટ ઉપર કામ કરતા રાકેશ કૌડાભાઇ મીણા (ઉ.વ.૨૬)(રહે,આસોપાલવ સોસાયટી થલતેજ સોલા રોડ) તા.૧૮/૦૬/૨૦૨૨ ના કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે “આદીત્ય એલીગંસ” સાઇટના ત્રીજા માળે સેન્ટીંગનું મજુરી કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પટકાતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એસ.વી.પી. હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૬/૨૦૨૨ રાતના ૮/૩૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેશકુમાર પુંજાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૩૬/૨૦૨૨</u>**

**ચાંદખેડાઃ** સુનિલસિંહ લાલસિંહ ચૌહાણ (ઉ.વ.૨૯)(રહે.ગાયત્રીનગર, ગુ.હા.બોર્ડ, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**નારોલઃ** પ્રીતિબહેન ઉમાભાઇ યાદવ (ઉ.વ.૧૭)(રહે.સત્યમનગર રો-હાઉસ જનતાનગરની બાજુમાં શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૨ ના કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડાની છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી